## :: આંક–૧ લગત હુકમ ::

સદરહુ કામનું રેકર્ડ તેમજ પ્રોસીડીંગ્સ વંચાણે લેતા જણાય છે કે, આ કામના અરજદારે પ્રોબેટ મેળવવા માટે હાલની અરજી કરેલ છે. સદરહ કામે સામાવાળાઓએ હાજર થઈ આંક–૧૦ થી અરજદારની અરજી મંજુર કરવા સામે વાંધા રજુ કરેલ છે. આમ, સદરહુ અરજી કોન્ટેસ્ટ થયેલ છે. ભારતીય વારસાહકક અધિનીયમની કલમ–૨૯૫ ના પ્રાવધાનને ઘ્યાને લેવામાં આવે તો, જયારે કોઈપણ પ્રોબેટ કે વહીવટપત્ર મેળવવા માટેની અરજી કરવામાં આવે તો અને તેમાં વાંધા કે વિવાદ રજુ કરવામાં આવે ત્યારે વિવાદીત અરજી દીવાની કાર્યરીતી સંહીતા ૧૯૦૮ ની જોગવાઈ અનુસાર દાવાની કાર્યવાહી અનુસાર નિર્ણય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. ભારતીય વારસા હકક અધિનિયમ ૧૯૨૫ ની કલમ–૨૯૫ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના મુલ્ટી વાહુંજી વિ. કાલિન્દી વાહુંજી અને બીજાઓ, એ.આઈ.આર. ૧૯૯૪ ગુજરાત પેજ નં. ૪૨ ના કેસ લો મા ઠરાવેલ સિઘ્ધાત અનુસાર હાલની સીવીલ પરચુરણ અરજીને રેગ્યુલર સીવીલ સ્યુટ તરીકે નં બર પાડીને ચલાવવાની થાય છે, જેથી હાલની સીવીલ પરચુરણ અરજી લગત નીચે મુજબનો હુકમ કરૂ છું.

## ::હુકમ::

હાલની દિવાની પરચુરણ અરજી નં.૦૩/૨૦૨૩ ને દિવાની પરચુરણ અરજી રજીસ્ટરે થી કમી કરી રેગ્યુલર સીવીલ સ્યુટ તરીકે રજીસ્ટરે લઈ આગળની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે, જેમાં આ કામના અરજદાર હસમુખભાઈ વલ્લભભાઈ પટેલ વાદી તરીકે તેમજ તમામ સામાવાળાઓ પ્રતિવાદીઓ તરીકે ગણાશે.

હુકમ આજ તારીખ :: ૧૭ મી, માહે :: માર્ચ, સને :: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ :: ૧૭/૦૩/૨૦૨૬
સ્થળ :: કઠોર

વંદના લલિતચંદ્ર પરદેશી
એડી.સીની.સીવીલ જજ,કઠોર
GJ01013